Barcode - 99999990868311
Title - Piranamat (Sata Pantha) Tantra Bhag-2
Subject - GENERALITIES
Author -
Language - gujarati
Pages - 30
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13

॥ ओ३म ॥

# પીરાણામત (સતપંથ) તંત્ર.

## ભાગ ૨ જો.


રચનાર શુભેચ્છક.

હીરાભાઈ ભુલાભાઈ ભગત,

તથા

નારાયણભાઈ ગોપાળભાઈ માસ્તર.

મુ. [illegible]—સુરત.



છપાવી પ્રસિદ્ધ કરનાર

રણછોડભાઈ હલસુખભાઈ [illegible].

ઠે. શાહપુર—અમદાવાદ.

સં. ૧૯૭૪ સને ૧૯૧૮.

આવૃત્તિ ૧ લી. પ્રત ૩૦૦૦

કિંમત રૂ. ૦-૧-૬

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ
૭૮૭૩

આ "વિજય પ્રવર્તક" પ્રિન્ટીંગ પ્રેસમાં
પટેલ મોહનલાલ મગનલાલે છાપ્યું.
ઠે. ઢાલગરવાડ—અમદાવાદ

# गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ७८०३ वर्गांक

पुस्तकनुं नाम [illegible] पत्र-२

विषय पत्रो

॥ ओ३म् ॥

# પીરાણામત (સતપંથ) તંત્ર.

## ભાગ ૨ જો.

### પ્રકરણ ૧ લું.

### સતપંથ અથવા ગુપ્તીપંથ.

પ્યારા વાંચકો! હિંદુ ધર્મમાં હજારો પંથો નીકળ્યા છે. જેના બધા પ્રવર્તકો પોતપોતાની શક્તિ મુજબ અંધ-શ્રદ્ધાળુ લોકોને પોતાના વાડામાં પૂરી પરમેશ્વરના ઘરની એજન્સી પોતાના હાથમાં છે, એમ સમજાવી તે શ્રદ્ધાળુનાં પાપો પૈસા લઇને ધોઈ આપે છે; તેમજ મુઆ પછી તેમને અમુક જાતના મોજ શોખ અને વૈભવ ભોગવવાની લાલચો પણ, પોતાને પૈસા મળે તેના પ્રમાણમાં આપે છે. તે ઉ-પરાંત તેઓ ઉપર કેટલીક બાબતો તો ફરજીઆત પણ નાંખી છે, કે અમુક રીતે તમે અમને કંઈ નહિં આપો તો મુઆ પછી અમુક અમુક નરકમાં પડી, દુઃખ ભોગવશો. એવું એવું સમજાવી, જેમ એક દુકાનદાર સામી દુકાનવાળા-

ની ખામી બતાવી પોતાની કમાણી વધારવા પ્રયત્ન કરે છે, તેમ એકબીજા પંથની ખામી બતાવી પોતાની કમાણી કેમ વધારે થાય, તેવા પ્રપંચો કરે છે; અને જે કમાણી થાય છે તેને માટે તેઓ પોતાના વંશજો સારૂ વંશપરંપરાનો ગરાસ બાંધી ગયા છે. તેવા હજારો હિંદુ પંથો હોવા છતાં મુસલમાન ધર્મવાળાઓએ પણ ગુપ્ત રીતે પોતાના વંશજો માટે ગરાસો સ્થાપ્યા છે. જેની ઘણાએક હિંદુ ભાઈઓને ખબર પણ નથી, કે તેઓ બાહેરથી હિંદુ કહેવાતા છતાં અંદરથી એવા મુસલમાનોના પંજામાં ફસાઈ પડયા છે; અને પોતાને 'ગુપ્તપંથી' અથવા 'સતપંથી' માને છે. તેમની હકીકત જાહેર કરવાની આ વિષયની મતલબ છે.

આ ગુપ્ત પંથનો ઇતિહાસ જોઇશું તો તેનું મૂળ ઈરાનમાંથી નીકળે છે. તે બતાવવા અગાઉ મુસલમાન ધર્મનો થોડોક ઇતિહાસ જાણવાની જરૂર છે.

હાલ પૃથ્વી ઉપર પાંચ મોટા ધર્મો છે. તેમાં બે પૂર્વમાં (૧) વૈદિક અને (૨) બોદ્ધ તથા ત્રણ પશ્ચિમમાં (૧) યાહુદી (૨) ક્રિશ્ચિયન, અને (૩) મહમ્મદી.

અરબસ્તાનમાં (હમણાં હિંદુસ્થાનમાં છે, તેવી રીતે) મૂર્તિપૂજા અને એક ઇશ્વરને બદલે હજારો દેવતાઓની

પૂજાઓ થતી હતી; તે જોઈ પેગંબર મહમ્મદ સાહેબનું મગજ તપી ગયું, જેથી તેમણે બધી મૂર્ત્તિઓનો નાશ કરીને* એક ઈશ્વરનેજ માનવાનો મત ચલાવ્યો.

હિંદુધર્માચાર્યોએ ધર્મ સંબંધી કાર્ય પોતાના હાથમાં રાખી દેશની રક્ષાનું કામ ક્ષત્રિય રાજાઓના હાથમાં રહેવા દીધું હતું. પણ મહમ્મદ પેગંબર સાહેબે બેઉ સત્તા પોતાના વંશવાળાઓના હાથમાં રાખવાથી એ ધર્મમાં જર, જોરૂ, અને જમીનને માટે લાખો માણસો કપાઈ મુઆં છે. મહમ્મદ સાહેબના મરણ પછી, તેમને પુત્ર ન હોવાથી ખલફાતની ગાદી માટે તકરાર ઉઠી; તેમાં કેટલાએકે હજરત અલીને ગાદીએ બેસવા વિનંતિ કીધી; પરંતુ સામા પક્ષવાળા લડાઈ કરવા તૈયાર હતા માટે હજરત અલીએ કહ્યું કે:—"એમ લડાઇ કરવાથી લાખો માણસોનો સંહાર થશે, માટે એમની મરજી મુજબ કરવા દો" આમ સમાધાન થવાથી હજરત અબાબકરને ગાદી મળી. તે બે વર્ષ ગાદીપર રહ્યા. 'તેમને ઝેર અપાયું હતું.' એમ એ તરફના ઇતિહાસમાં ઉલ્લેખ છે. તે પછી હજરત ઉમ્મર ગાદીએ બેઠા, તેને અગીયાર વર્ષ થયાં ત્યારે તેમને એક

---

*એક પત્થર બચાવ્યો છે, જે કઅબામાં છે; તેને 'હજરૂલ અસ્વદ' અથવા 'બેતુલ્લાહ' કહે છે, જેને હજ કરવાવાળા બધા ચુંમી લે છે અને પગે પડે છે. હિંદુઓ એને 'મક્કેશ્વર મહાદેવ' કહે છે.

ગુલામે મારી નાંખ્યા; એટલે ગાદી ખાલી પડી, ત્યારે વળી હજરતઅલીને અરજ કરવામાં આવી, પણ તે એવી સરતે કે 'આગલા ખલીફાના કાયદા કાયમ રાખવા.' એ વાત હજરતઅલ્લીએ કબુલ ન રાખવાથી હજરત ઓસમાનને ગાદી મળી. તેમણે બાર વર્ષ રાજ્ય કર્યું; તેટલામાં હજરત અબાણકરના દીકરા મહમ્મદે તેમને મારી નાંખ્યા.

આ બનાવ પછી વળી પાછી હજરત અલ્લીને અરજ કરવામાં આવી. તેમણે તે ઘણી આનાકાની પછી કબુલ કીધી; પણ તુરતજ બખેડા શરૂ થયા. દમાસ્કસનો ગવર્નર મોઆવીઓ સામે થયો અને મોટી લડાઇ થઈ; તેમાં ઘરમેળે સંધિ થઈ, પણ હજરત અલ્લીને ખાસ ટોળાંવાળાઓમાંના એક જણે ઝેરી તરવારનો જખમ કરી મારી નાંખ્યા. એટલે ગાદી ખાલી પડતાં તેમના દીકરા ઈમામ હસનને ગાદી મળી; પણ માવઇઆ તરફથી તેમને ગુપ્ત રીતે ઝેર અપાયું હતું એમ કેહેવાય છે. તે પછી એમના ભાઇ ઈમામ હુસેનનો હક્ક હતો, પણ માવઇઆના દીકરા યજીદે રાજ્યગાદી દબાવી, ઈમામ હુસેનને પોતાની તાબેદારી કબુલ કરવા દબાણ ચલાવ્યું. તે ઇમામ હુસેને કબુલ ન કરતાં પોતાના કુટુંબના (૭૨) બોંતેર માણસોને લઇ કુફે જવા નીકળ્યા; અને રસ્તામાં કરબલાના ગામડાં પાસે આવ્યા, ત્યારે તેમને દુશ્મનોનાં ચોવીશ હજાર માણસોએ ઘેરી લીધા, અને ફ્રાત નદીનું પાણી બંધ કીધું. આ વખતે તે બધા

ઘણી બહાદુરીથી લડી, એક પછી એક મરણ પામ્યા; અને ઇમામ હુસેનને પણ ઘણા જખમો થયા છતાં તે ઘોડેથી ઉતરી નિમાજ પડવા લાગ્યા, ત્યારે 'સમર' નામના એક સખ્સે તેમના ગળા ઉપર તલવાર ચલાવી દીધી, તેથી તેઓ વફાત પામ્યા. ( મરણ પામ્યા )

આવા આવા બનાવોથી મહુમ્મદીઆન ધર્મમાં બે ફાંટા પડ્યા. જેમાં હજરત અલ્લીનો ગાદી ઉપર હક્ક હતો, તેમાં બીજાઓ વગર હક્કે બેઠા. તેઓને ના કબુલ કરી તેઓ તરફ તિરસ્કાર બતાવી હજરત અલ્લીથીજ ઇમામ ખરા છે, એમ માનનારાઓનું એક ટોળું જુદું પડ્યું. જેઓ શીહા મતના કહેવાયા અને જે જે ઇમામો ગાદીએ બેઠા તે બધાઓને જેણે કબુલ રાખ્યા તે સુન્ની કહેવાયા.

આપણે જોયું તેમ એક પણ ગાદીવારસ પોતાને મોતે મુઓ નથી, પણ ઝેર કે તલવારનો ભોગ થઇ કમોતે માર્યો ગયો છે. તે ગમે તેમ હો તે સાથે આપણે કામ નથી. હવે શીહા અને સુન્ની પંથ જૂદા પડવાને લીધે શીહા પંથમાંથી આપણો વિષય ચાલુ થાય છે. સુન્ની પંથમાં ઘણા ફાંટા પડ્યા નથી, પણ શીહામાંથી બે શાખાઓ થઇ છે (૧) તનાશરી અને (૨) ઇશ્માયલી. વળી ઈશ્માયલીમાંથી મુસ્તલી અને નિઝાર નામે બે શાખાઓ.થઇ છે.

# પ્રકરણ ૨ જું.

## ઇસ્માયલી ગ્રંથનું શિક્ષણ.

આ પંથવાળાઓએ કુરાન અને હદીશના ફરમાનોમાં ઘણીએક ગુંચવણો કરી નાંખી, અને લોકોને સમજાવ્યું કે જેમ એક નાળીયરની કાચલીની અંદર ટોપરૂં છે, તે બેઉનો ઉપયોગ જૂદી જૂદી રીતે થાય છે તેમ કુરાન અને હદીશનાં ફરમાનોનો જાહેરમાં એક અર્થ અને બાતેનમાં (અંદરખાનેથી) જુદા અર્થો હોય છે: એટલે કુરાન અને હદીશના ફકરાઓના પોતાની મરજી મુજબ અર્થો બનાવી લોકોને પોતાના મતમાં લેવા લાગ્યા. તે એટલી હદસુધી કે કુરાન અને હદીશમાંની કેટલીક હરામ કરેલી બાબતો હક્ક થઇ ગઇ, અને હક્ક બાબતો હરામ થઈ ગઇ. છેવટ 'ઇલીજીકરતલ સલામ' નામે ઈમામ થયો, તેણે લોકોને એમ સમજાવ્યું કે હું જમાનાનો સાહેબ છું; અને ખુદાના હુકમથી લોકો ઉપરની શરીયતની તોક છે તેને હવે હું ઉઘાડી નાખું છું. એટલે હવે શરીયતના કાયદા પ્રમાણે ચાલવા કોઈને ફરજ નથી.

આ લોકોએ પોતાનો મત મિસર અને ઈરાનમાં ફેલાવ્યો હતો; તેમાં બહુજ ફત્તેહ મેળવી હતી. તે એવી રીતે કે પ્રથમ તેઓ પોતાના ઉપદેશકોને ગામે ગામ મોકલતા હતા.

એ ઉપદેશકો પોતાના મતનાં બીજો છાંટી જમીન તૈયાર કરતા ત્યારે વખત જોઇ પોતે ત્યાં જતા; અને છુપાં કાવતરાંથી અથવા પોતાના મૂર્ખ શિષ્યો કે, જેઓ ફિદાઈના નામથી ઓળખાતા હતા તેમના મારફતે આડે આવતા સખ્સોને ઝેર અપાવી અથવા કતલ કરાવી પોતાનું કામ કહાડી મુખત્યાર થઇ બેસતા; જેનો ઇતિહાસ બહુ લાંબો છે; પણ આપણે જેની સાથે સંબંધ છે તેવો તે નિઝારી શાખાનો એક સખ્સ 'હસન બિન સબ્બાહ' નામે હતો, જેણે પોતાનો અમલ ઇરાનમાં જમાવી 'અલમોત' નામે એક મજબુત કિલ્લો હાથ કરી, ત્યાં પોતાની હકુમત જમાવી હતી.

## પ્રકરણ ૩ જું.

## હસન બિન સબ્બાહની યુક્તિઓ અને બનાવટી સ્વર્ગ.

હસનના મુરીદોમાં તેનું જે માન અને સત્તા હતી, તેવી કોઈ મોટા મોટા શેહેનશાહને પણ હતી નહિ. તેમાં તેની યુક્તિઓ શું હતી, તેનો આજ સુધી સ્વપ્નામાં પણ પણ કોઇને ખ્યાલ આવ્યો નહિ હોય? હસનની યુક્તિઓ એવી હતી કે પ્રથમતો તેણે એક બનાવટી સ્વર્ગ બનાવ્યું હતું. એ સ્વર્ગમાં મનહર બાગો, સુંદર ફુવારાઓ, રમણીય મેહેલો, ઊંચા મિનારાઓ, ખુશનુમા દીવાનખાનાંઓ, અને વિચિત્ર ઝરૂખાઓ લાખો કરોડો રૂપીઆ ખર્ચી બનાવ્યા હતા. તેમાં ખુશબોદાર ઝાડોના બગીચાઓ, ભિન્ન ભિન્ન પ્રકારનાં ભોજનો, અને વસ્ત્રો તથા મનુષ્યના અંતઃકરણને જાદુની પેઠે હરી લે એવી ખૂબસુરતમાં ખૂબસુરત યુવતીઓને સ્વર્ગની અપ્સરાઓ તરીકે મોટી સંખ્યામાં રાખી હતી, જે જોનારને આ જગ્યા ખરેખર બીજી જ દુનિયા છે; એમ લાગે. ટુંકામાં એટલુંજ કે મુસલમાની મતમાં જીન્નતનું જે વર્ણન કીધું છે, તેની આબેહુબ નકલ કીધી હતી. એટલી હદ સુધી કે જીન્નતમાં દૂધ, મધ અને દારૂની નદીઓ વહે છે એવું વર્ણન મુસલમાની ગ્રંથોમાં છે

તો તે પણ તેમાં બનાવેલું હતું, આ સ્વર્ગમાં બાહેરથી જે જે ચીજો લાવવામાં આવતી તે એવી તો ગુપ્ત રીતે લાવતા કે તેનો કોઈને વેહેમ પણ ન આવે. આ સ્વર્ગ ખાસ ઇમાન લાવનારા મુરીદો માટે હતું.

આ સ્વર્ગ બનાવ્યા પછી હસને પોતાના મુરીદોના ‘દાઇ’ ‘રફીક’ અને ‘ફીદાઈ’ નામના ત્રણ વિભાગ કીધા હતા. દાઇઓનું કામ, પાદરીઓની પેઠે જૂદા જૂદા દેશોમાં જઇ ધર્મબોધ કરવો; તથા રફીકનું કામ ધર્માચાર્યની યોગ્યતા રાખવી અને હસનના ખરા મિત્ર હોવાનો મરતબો ધરાવવો એ હતું. સહુથી વધારે અને વિચિત્ર ટોળું ફીદાઈઓનું હતું. તેઓ હસનના દરેક વચનનો વગર આનાકાનીએ આંખો મીંચીને અમલ કરતા હતા. હસન, એ ફીદાઇઓ પૈકી કોઇ પણ સખ્સને કોઈની કતલ કરવાનું કામ સોંપે, તો તે ફીદાઇ જૂદો પોશાક અને જૂદો દેખાવ કરી ધારેલી જગ્યાએ જતો, અને રફતે રફતે જેની કતલ કરવાનો પોતાને હુકમ મળેલો હોય તેના સમાગમમાં આવી જઈ, તેને ઝેર દેવાનો લાગ ફાવે, તો ઝેર આપતો, નહિતો તેના પેટમાં ખંજર ભોંકી દઇ, તેને મારી નાંખતો. પછી પોતાને બીજા લોકો મારી નાખે, અથવા ફાંસીને લાકડે લટકાવે તેની તેને જરા પણ પરવા ન હતી; કારણ કે એ ફીદાઈ લોકોને એ કામ કરવાથી સ્વર્ગ અથવા જીન્નતનાં સુખો

ભોગવવાની સંપૂર્ણ ખાત્રી હતી. આવા ફીદાઇઓના હાથથી હસને હજારો ખૂનો કરાવી પોતાની સત્તા ખૂબ જમાવી હતી, અને એ કારણથી મોટા મોટા શેહેનશાહો પણ હુસનના નામથી થરથર ધ્રૂજતા હતા.

આ ફીદાઇઓને સ્વર્ગને માટે એટલી બધી ખાત્રી કેમ થતી? તે વિષે હિસ્ટરી ઓફ ધી એસેસીન્સ; મારકોપોલોની મુસાફરીના ગ્રંથમાં, કવી ડી. જાનવીલના ગ્રંથમાં અને ચીનાઈ ગ્રંથકાર વાર્ગનના ગ્રંથમાં વિસ્તારથી વર્ણન આપેલું છે.

ભાંગ કે જેને અરબ્બીમાં 'હશશ' કેહે છે. તે વસ્તુ તે સમયમાં પ્રસિદ્ધ ન હતી. ઇરાનમાં એ કેફી ચીજનો ઉપયોગ કરનાર પ્રથમ હસનજ હતો. આ ચીજથી તેણે એવું તો વિચિત્ર કામ લીધું હતું કે આજ સુધી તેવું કોઇએ લીધું નથી; અને હવે પછી લઈ શકશે પણ નહિ. તે એવી રીતે કે રૂપાળા, તન્દુરસ્ત અને કદાવર પુરૂષો કે જેઓ ભોળા અને જલદીથી ઇમાન લાવી શકે એવા હોય, તેઓને રૂદબાર અને તાકલાન પ્રાંતમાંથી ચુંટી પસંદ કરવામાં આવતા હતા. આ ઉમેદવારોને થોડી મુદત પોતાના ધર્મનું શિક્ષણ આપ્યા પછી જ્યારે "તેઓ બરાબર તૈયાર થયા છે;" એવી ખાત્રી થતી ત્યારે તેઓને હસનના દરબારમાં પ્રવેશ કરવાનું માન મળતું; અને હસન તેઓને ભાંગના શરબતનો પ્યાલો પાઈ,

બેહોશ કરી નાંખતો. ભાંગ પીનારા સખ્સ, ભાંગની વાસથી અજાણ હોવાને લીધે તેમજ 'આ કેફી ચીજ છે' એમ સમજતા ન હોવાને લીધે તેઓને કંઇ પણ વેહેમ પડતો નહિ. જ્યારે તેઓ બરાબર બેશુદ્ધ થતા ત્યારે તેઓને તૈયાર રાખેલા ઉંટો ઉપર ચડાવી સ્વર્ગમાં મોકલી આપવામાં આવતા હતા. જ્યાં તેઓનો કેફ ઉતરતાં તેઓ પોતાને એક અપ્સરાના ખોળામાં સૂતેલા જોતા, અને આંખ ઉઘડતાં બગીચાઓની થંડી સુવાસિત લેહેરો, કદી પણ નહિ જોયેલા એવા સુંદર મેહેલો, ખળ ખળાટ વહેતી પાણીની નેહેરો, અને ફુઆરા ઇ. જોતા. વળી તેઓને માટે રત્નજડિત પોશાકો તથા સ્વાદિષ્ટ ખોરાકો હાજર થતા; તથા નાજુક નખરાંવાળી અપ્સરાઓ તેઓનાં મ્હોં આગળ નારંગી શરાબની પ્યાલીઓ ધરતી; અને તે 'શરાબે તહુર' (સ્વર્ગીય શરાબ) ના નામથી તેઓને પીવરાવવામાં આવતો. તે પરીઓ એઓની બધી મરજીઓ ઉઠાવી એઓનું અંતઃકરણ જીતી લેતી હતી; જેથી તેઓ આ દુનિયાના વૈભવોની યાદ ભૂલી જઇ બરાબર મશગુલ થઇ જતા, અને પરીઓ તેઓની સાથે અવિચળ રહેવાને વચન આપતી. તથા તેઓ પોતે પણ તે પરીઓને પ્રાણ આપવા તૈયાર થઇ જતા. એ પ્રમાણે તેઓ સંપૂર્ણ વિલાસી થઇ જતા ત્યારે પરીઓ તેઓને એક પ્યાલો પાઇ બેશુદ્ધ કરી દેતી, એટલે જે રસ્તે અને જે વાહનથી તેઓને સ્વર્ગમાં આણ્યા

હતા, તેજ રસ્તા અને તેજ વાહનથી તેઓને પાછા હસનના દરબારમાં પહોંચાડી દેવામાં આવતા હતા.

આ વખતે તેઓનું મન પોતાને પ્રિય થઇ પડેલી પરીઓને મળવાને કેટલું આકુળ વ્યાકુળ થતું હશે? તેનો ખ્યાલ સહજ સમજાઈ શકાશે. આવો સખ્સ પોતાને પાછો તેજ ઠેકાણે પહોંચાડવા માટે જ્યારે હસનને વિનતિ કરતો ત્યારે તેને હસન કહેતો કે: "તારે હજી આ દુનિયામાં ઘણાંક કામો કરવાનાં છે, અને તેમ કરતાં તારા આ મનુષ્ય દેહનો ભોગ આપીશ એટલે તુરત તને બીજો દેહ પ્રાપ્ત થશે; અને તને તારી પસંદ કરેલી જગ્યા–સ્વર્ગમાં પહોંચાડવામાં આવશે. એટલે પછી અનંતકાળ સૂધી તું ત્યાંજ મોજ કરજે." આવી લાલચોથી હસને, હજારો ખૂનો કરાવી પોતાનો અમલ જમાવ્યો હતો. એટલે જે કામ મોટાં મોટાં લશ્કરોથી ન થાય તે કામ આવા એક મરણીયા માણુસથી થતું હતું; જેને લીધે હસને ખ્રીસ્તી કોમમાં 'શેખ ઉલ જબાલ' નું નામ મેળવ્યું હતું; અને ઈસલામી દુનીયામાં જબરદસ્ત હેબત બેસારી હતી. તે એટલે સુધી કે હશશ (ભાંગ) શબ્દ ઉપરથી અંગ્રેજી ડિક્ષનેરીમાં નવો એસેશીન શબ્દ ઉમેરાયો, કે જેનો અર્થ ખૂની, હત્યારો, ઘાતકી ઇ. થાય છે.

# પ્રકરણ ૪ થું.

## હિંદુસ્થાનમાં એ પાપી પવનનો ફેલાવો.

ગયા પ્રકરણમાં આપણે પાપી પવન જોયો. તેનું મૂળસ્થાન 'અલમોત' નામે એક પહાડી કિલ્લો કાસ્પિઅન સમુદ્રના દક્ષિણ કાંઠા તરફ ઈરાનના ઉત્તર ભાગમાં આવેલો છે; ત્યાં નિઝારીઓએ પોતાનું રાજ્ય જમાવ્યું હતું, અને તેમાં હથિયાર કરતાં ધર્મનો ઉપયોગ વિશેષ કરવામાં આવતો હતો. તેમના તરફથી કેટલાક ઉપદેશકો પ્રથમ હિંદુસ્થાન–કાશ્મીરમાં આવ્યા. ત્યાંથી પંજાબ, સિંધ, કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાત તરફ ફેલાયા. તેમની ધર્મ ફેલાવવાની યુક્તિ એવી હતી, કે ફુંકી ફુંકી પગલાં ભરવાં, જેઓને પેતાની જાળમાં ફસાવવા હોય તેના ધર્મનાજ પોતે બની જવું, અને પછી તેમાં પોતાના ધર્મનાં બીજ છાંટવાં. ઇ. સ. ૧૮૬૬ માં મુંબઇમાં ખોજાઓ કયા પંથના છે? તેનો નિર્ણય થવા માટે હાઇકોર્ટમાં કેસ ચાલ્યો હતો, તેમાં તે વખતના વિદ્વાન જજે ઇશ્માયલી ધર્મની એક કિતાબ, નામે "કીતાબે શીયસેસ્ત" ને આધારે જે બતાવ્યું છે તે નીચે પ્રમાણે:—

"અગર એક સીયા, કે જે ઇસમાયલી ધર્મનો ન હોય તેને જો વટલાવવો હોય તો ધાઇ અથવા પાદરી

સીયા મતનો હિલોજાનથી સ્વીકાર કરે છે. અલ્લી અને તેના દીકરાઓ ઉપર ગુજરેલ ઘાતકીપણું તથા હુસેનની સાહદત તથા તેના કુટુંબને કેદ કરવા વિષે ઘણી દયા ઉપજે એવો વિલાપ કરવો અને બની ઉમૈયા તથા અબાશી તરફ તિરસ્કાર બતાવવો એ રીતે પોતાને માટે રસ્તો તૈયાર કરીને પછી ઇસારો કરવો કે સીયા ધર્મને સંપૂર્ણ સમજવા માટે ઇસમાયલી ધર્મના છુપા ભેદો સમજવા જોઇએ."

"જો એક યાહુદીને વટલાવવો હોય તો તેણે ખ્રીસ્તી અને મુસલમાન ધર્મ વિષે વિરૂદ્ધ બોલવું, અને તેની સાથે મળી જઇને કહેવું કે "મસીયા આવનાર છે." એવું જે તમારા ધર્મનાં પુસ્તકોમાં લખ્યું છે તે ખરો "મસીઆ" તે ઇસ્માયલી ધર્મના મોટા "મસીઆ" હજરતઅલ્લી સિવાય બીજો કોઈ નથી.

"જો તેણે એક ખ્રીસ્તીને વટલાવવો હોય તો તેની પાસે યાહુદી લોકોની હઠ અને મુસલમાન લોકોના અજ્ઞાનપણા વિષે લંબાણથી બોલવું, અને ખ્રીસ્તી ધર્મના મુખ્ય ભાગને માન આપવાનો ડોળ ઘાલવો, પણ ધીમે રહીને એવો ઇસારો કરવો કે એ બધું અલામતી છે; અને તેમાં ઊંડા ભેદ છે. તે ભેદ માત્ર ઇસ્માયલી ધર્મમાંથી જણાશે એમ કહી, એવી સૂચના કરવી કે ખ્રીસ્તી લોકોએ પારાક્લીટ ( તારનાર ) નો અર્થ જૂદોજ કીધો છે. એક "પા-

રાકલીટ" તો છેજ અને તે તો ધાઇ, અથવા ઉપદેશ કરનારો એજ છે, ત્યારે ખરો તારનાર કોણ?

"પોતાના ધર્મના વિચારો છુપા રાખવા અને જે ધર્મવાળાઓને વટલાવવા હોય તેજ ધર્મવાળા પોતે બની જવું"

હિંદુસ્થાનમાં આવ્યા પછી આ લોકોને એમ લાગ્યું કે:—"માતાપંથી લોકોમાં આપણી આંગળી ખુંચશે." તેથી તેઓ તે પંથમાં ભળ્યા, અને બરાબર વાકેફ થયા. પછી તેઓએ માતાપંથીઓનાં ભજનોમાં તેમજ બીજી રીતે ઇસ્માયલી ધર્મનાં બીજો છાંટ્યાં, તે એવી રીતે કે—

"માતા પંથમાં એવો મત છે કે નિકલંકી દશમો અવતાર પશ્ચિમ દિશામાં પેદા થશે; તેજ અલમોત ગઢમાં મેંદી પેદા થવાનું સમજાવ્યું. નિકલંકની સ્વારી સાથે પાંચ પાંડવ આવશે, એવું બતાવ્યું છે. તેને બદલે મેંદી સાથે આવનાર પાંચ પાંડવનાં નામો મુસલમાની દાખલ કીધાં. વળી એવું સમજાવ્યું કે તેઓ મુસલમાની વેષમાં આવશે; પણ મુસલમાની ધર્મનું ખંડન કરશે, મસજીદો તોડી નાખશે, અને ધર્મશાળાઓ બંધાવશે." ઇત્યાદિ બીજો છાંટી ભજનો વગેરેમાં પણ ફેરફાર કીધો.

એ માતાપંથમાં પાંચ મકાર (માંસ, મત્સ્ય, મદિરા,

મુદ્રા અને મૈથુન ) મુખ્યતત્વ છે; અને બીજી કેટલીક માન્યતાઓ એવી છે, કે સત્યયુગમાં સોનાના પાટ હતા, ત્રેતામાં રૂપાંના હતા અને દ્વાપરમાં ત્રાંબાના હતા. આ કળિયુગમાં માટીના પાટ છે. વળી ચાર યુગનાં ચાર પાવળ છે. (૧) આંસુ, (૨) પરસેવો, (૩) સાધુના પગનો મેલ અને (૪) વીર્ય. છેલ્લા કળિયુગનું પાવળ વીર્ય, કે જેને પાણીમાં નાંખી તેઓ બધાઓને આચમન કરાવે છે. તેઓ વળી ચાર યુગના ચાર ભક્ત માને છે. (૧) પ્રહ્લાદ, (૨) હરિશ્ચંદ્ર, (૩) યુધિષ્ઠિર અને (૪) બળી રાજા. ઇત્યાદિમાં બધા ચાર કબુલ રાખ્યા. આ લોકોએ ઉપર્યુક્ત ચાર પાવળમાં ત્રણ યુગના કબુલ રાખ્યા, પણ ચોથામાં તેને બદલે માતાપંથીઓ ગોપીચંદન નાંખતા હતા તે કહાડી નાંખી કરબલાની માટી નાંખી; અને ત્રણ યુગના ભક્તો કાયમ રાખી, ચોથા કળિયુગમાં બળીરાજાને બદલે પીર સદરૂદ્દીનનું નામ ગોઠવી દીધું.

દશ અવતારો કાયમ રાખ્યા, પણ છેલ્લો અવતાર નિકલંકીનો હતો, તેને કોઇક ઠેકાણે હજરત અલ્લીને, કોઇક ઠેકાણે ઇમામઇશ્માયલને, અને કોઇક ઠેકાણે ઇમામનિઝારને ઠોકી બેસાર્યા; તેમના વંશના જે થાય તે બધા પરમેશ્વરના અવતાર છે. એમ સમજાવ્યું, એટલે છેક હમણાંના નામદાર આગાખાનને પણ અંધશ્રદ્ધાવાળાઓ ઈશ્વરાવતાર માને છે. તેઓ

ઈરાનમાં રહેતા, ત્યાંહાં સુધી તેમને નામે ઉપદેશકો પીરને નામે પોતાને સમજાવી ભોળા લોકોની પાસેથી પૈસા ઉઘરાવી પોતાનું મેહેનતાણું કાપી લઈ વધારો ત્યાં પહોંચડાવતા હતા.

પ્રથમ પીરો સદરૂદીન, કબીરૂદીન ઈ૦ આવ્યા હતા. સદરૂદીને પોતાનું હિંદુવાણું નામ સહદેવ રાખ્યું હતું, અને બરાબર જમાવટ થયા પછી પોતાના નામનાં ભજનો પણ બનાવ્યાં હતાં. જેવાં કેઃ—

પીર સદરૂદીન પંથ ચલાયા જાહેર ખાનાં મકાન,
પહેલો ખાનો આવી કર્યો કોટડા ગામ નિધાન. ૧
પીર સદરૂદીન જાહેર થયા હિંદુ કર્યા મુસલમાન,
લુવાણા ફેરી ખોજા કર્યા તેને આપ્યો સાચો ઈમાન. ૨
ખોજો ગુલામશા અલીનો કહિયે તે મુરીદ આલનો જાણ,
ત્યાં પંથસમારીને ખાનાં કીધાં તેને પીરે બોધ્યા પ્રમાણ. ૩
આગળ ખાનું સુરજારાણીનું કહીયે તેતો શુભ પિછાણ,
સતગુરૂ સદરૂદીન જ્ઞાન સુણાયા તે કોટડા ગામમાં જાણ. ૪
એજી કોટડા ગામમાં કહીયે ત્રીકમ રહે તેણે ઠામ,
તે જાહેર ઈમાન લાવીયો અને ખોજો ધરાવ્યો નામ. ૫
એવા દીન ચાલીયા શ્રી ઈસલામશાની વાર,
આજ ઉંચ મુલક જે કહીયેં ત્યાં અમારો વાસ. ૬

એવી રીતે હિંદુ-મુસલમાન પંથોનો ખીચડો થઈ એક જૂદો જ પંથ ચાલ્યો. તે સાથે હસનના સ્વર્ગની લાલચનો ફીદાઈઓનો પવન પણ હિંદુસ્થાનમાં આવ્યો. જો કે પાછળથી તે બનાવટી સ્વર્ગની વાતો જાહેરમાં આવતાં બીજા બાદશાહોએ તેનો નાશ કરી નાખ્યો હતો; પણ જૂની ચાલતી આવેલી પરંપરાથી ઘણાએક ધર્માંધ મૂર્ખાઓ એવી વાતોને અદ્યાપિ સુધી માનતા આવ્યા છે.

# પ્રકરણ ૫ મું.

## હિંદુસ્થાનમાં આગાખાનનું આગમન.

આગલા પ્રકરણોમાં આપણે જોયું તેમ પીરલોકો મુરીદોની પાસેથી પૈસા ઉઘરાવી આગાખાનને ઈરાન પહોંચડાવતા હતા; પણ પૈસો કોને વહાલો ન હોય? માટે ઉપજમાંથી ગરબડ કરી ઘણો ભાગ પોતે પચાવી પાડતા, અને હાથે ઉપાડી જે મુકે તે કબુલ કરવું પડતું હતું. એ દરમિયાન નામદાર આગાખાનના પૂર્વજ હસનઅલ્લીના બાપ શાહુઅલીલલ્લા ઈરાનના કિરમાનજિલ્લાના ગવર્નર હતા. તે જીલ્લો આગા હસન અલ્લીએ દબાવી પાડયો; તે ઉપરથી ઈરાનના શાહની સાથે ખટપટ ઉઠી, તેમાં આગા હસનઅલ્લીને ઈરાન છોડી હિંદુસ્થાનમાં આવવું પડયું. તે વખતે અંગ્રેજ સરકારને કાબુલની સાથે વિગ્રહ ઉઠયો હતો; તેમાં મદદ કરવાથી આગા હસનઅલ્લીની સરકારમાં પ્રતિષ્ઠા થઇ હતી; અને ત્રણહજાર રૂપીઆનો દરમાયો કરી આપ્યો હતો.

આ વખતે ફિદાઇઓનો પાપી પવન કેટલેક દરજ્જે શાંત પડયો હતો; પરંતુ છેક નાબુદ થયો નહતો; જેને લીધે નામદાર આગાખાનના પૂર્વજો આસરે ૭૫ વર્ષ થયાં હિંદુસ્થાનમાં આવ્યા છે. તે પછી આવા સુધરેલા વખતમાં જોકે નામદાર આગાખાન જેવા બાહોશ પુરૂષોનો આવાં કાર્યો તરફ તિરસ્કાર હશે, પણ તેમના તરફ અંધ શ્રદ્ધા ધરાવનારાતો

"આગાખાનને આડે આવનાર સખ્સને જેઓ કતલ કરશે તેઓને સ્વર્ગ મળશે." એવી લાલચથી પોતાનાં ફીદાઇ કામો કરતા રહ્યા છે. તેના થોડાએક દાખલા અત્રે ટાંકવા અસ્થાને નહિ લેખાય.

૧ પહેલાં આગાખાન હિંદુસ્થાનમાં આવ્યા. પછી થોડી મુદ્દતે માહીમમાં ચાર માણસોને કતલ કરવામાં આવ્યા હતા. તે ખુનીઓને ફાંસીની સજા થઇ હતી. તે તેઓએ ખુશીથી કબુલ કીધી હતી.

૨ માજી આગાખાનના મરણને બીજે દિવસે તેના બુજરગ કામડીયાને તે પ્રાર્થના કરતો હતો ત્યારે તેને કતલ કરવામાં આવ્યો હતો.

૩ જેડાહમાં થોડાં વર્ષ પેહેલાં આગાખાનના કાકા અને તેના દીકરાને ગોળીથી ઠાર કરવામાં આવ્યા હતા.

૪ કરાંચીમાં થોડાં વર્ષ પહેલાં ખોજા લાલનનું ખુન કરવામાં આવ્યું હતું.

૫ પૂનામાં આગાખાનના ભત્રીજાનું અકાળમૃત્યુ થયું હતું.

૬ મુંબાઇમાં ઇ. સ. ૧૯૦૬ માં ખોજા લાલન સાજન અને હીરજી અલારખ્યાનાં ખુનો કરવામાં આવ્યાં હતાં. તેઓ નામદાર આગાખાનના પંથથી જૂદા પડી શીઆઇસના અશરી ધર્મમાં ભળ્યા હતા; માટે ઝનુની-

ઓએ, આવા લોકોને આગાખાનની નડતર દૂર કરવાથી સ્વર્ગ મળશે, એવી લાલચથી નામદાર આગાખાન ઇંગ્લંડથી મુંબઈ આવ્યા, તેજ દીવસે એટલે એમણે આગાખાનનાં દર્શન કરીને તરતજ એ કુકર્મો કીધાં હતાં. ઇત્યાદિ

જો કે નામદાર આગાખાને એ કામ તરફ તિરસ્કાર બતાવી એ ખુનીઓને જમાત બાહેર મુકાવી એમની દફન ક્રિયામાં પોતાના શિષ્યોને ભાગ ન લેવા હુકમ કીધો હતો તથા તેમની લાશોને પણ ખોજાઓના કબરસ્તાનમાં દાટ વાની મના કીધી હતી. જે જોતાં હાલના વિદ્વાન આગાખાન આવાં કૃત્યોને કોઈ દિવસ ઉત્તેજન આપે નહિં એ નિશ્ચય છે; પણ મૂર્ખ લોકો સ્વર્ગની લાલચે એવાં કૃત્યો કરે છે.

## પ્રકરણ ૬ ઠું.

### આગાખાની પંથમાંથી પીરાણા પંથનું જુદું પડવું.

આપણે આગળ જોઇ ગયા તેમ નામદાર આગાખાનના પૂર્વજો હિંદુસ્થાનમાં આવ્યા ત્યારે જે જે પીરો એમની ઉપજ ખાઈ જતા હતા તે બધાને મોકુફ કરી તેઓને પોતાના તરફથી મુખી અને કામડીઆ ઈત્યાદિ નીમી પોતાના કરો વસુલ કરવાને તેમને રાખ્યા.

પીરોમાં મુખ્ય સદરૂદીન, કબરૂદીન, ઈ. હતા. તેમાંથી કબરૂદીનના દીકરા ઇમામશાહ બાવાએ જૂદા પડી પોતાનો પંથ ચલાવ્યો. તે પીરાણાનો પંથ કહેવાય છે, જેમાં ઘણી એક ગપ્પાષ્ટકી અને સૃષ્ટિનિયમ વિરૂદ્ધની વાતોના પરચા ગોઠવી મુર્ખ લોકોને પોતાની જાળમાં લીધા છે.

પ્રથમ તેમણે પુરાણોની પોપલીલાનો લાભ લઈ દશ અવતારોને કબુલ રાખી, પ્રથમના ચાર અવતારોને માછલાં, કાચબા, સૂવર અને અર્ધું માણસ તથા અર્ધું જાનવર (નૃસિંહાવતાર) માન્યા, તે પછી ઠુંકડો બ્રાહ્મણ (વામનાવતાર) અને તે પછી પૂરો બ્રાહ્મણ (પરશુરામ) સુધી ચડયા; અને પછી ઉતરવા માંડયા, એટલે કે રામ અને કૃષ્ણ ક્ષત્રિયમાં અવતર્યા. તે પછી બુદ્ધ વૈશ્યમાં અને છેવટે નિકલંક મ્લેચ્છ કુળમાં અવતાર લઇ હરિવંશ અરબસ્થાન અને ઇરાનમાં સ્થાપન કીધો. આમ નવે અવતારોમાં કલંક બતાવીને પોતે બનાવેલો હજરતઅલી કે ઈમામ ઈશ્માયલ કે ઇમામનિઝાર નિષ્કલંક છે. ભાભેરામ કણબી જનમેજયનો અવતાર છે, અને નાથો કાકો કોલી, ચીચીબાઇ વગેરેના અવતારો છે. માટે તેને માનનારાઓજ અમરાપુરીમાં પહોંચશે; અને નહિ માનનારાઓ નરકમાં જશે. ઇત્યાદિ–ઈત્યાદિ.

॥ ओ३म् ॥

# મહાપુરૂષોની આજ્ઞા.

वेदो नित्यमधीयतां तदुदितं कर्म स्वनुष्ठीयतां
तेनेशस्य विधीयतामपचितिः काम्ये मतिस्त्यज्यताम् ।
पापौघः परिधूयतां भवसुखे दोषोऽनुसन्धीयता–
मात्मेच्छा व्यवसीयतां निजगृहात्तूर्णं विनिर्गम्यताम् ॥

ભાવાર્થ:—"હે સજ્જનો ! તમે નિરંતર વેદોનું પઠન–પાઠન કરો–કરાવો ! ! હરહમેશ વૈદિક ધર્મનુંજ સેવન કરી જગન્નિયંતા સર્વશક્તિમાન્ પરમાત્માને ઓળખો ! ! "कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन । તને કર્મ કરવાનોજ અધિકાર છે; ફળની આશા રાખવાનો નહિ." એ ભગવદ્વાક્યને સ્વીકારી કામ્ય કર્મોને ત્યજી દો ! ! નિષ્કામ કર્મ કરવાથી તમારા પાપરાશિને ધોઈનાખો ! ! સાંસારિક વિષયસુખો પર વારંવાર દોષદૃષ્ટિ લાવી વૈરાગ્યને ધારણ કરો ! ! અને મનમાં દૃઢ નિશ્ચય કરીને સાંસારિક ખટપટોમાંથી સત્વર નીકળી જાઓ ! !"

॥ ओ३म् ॥

# ધર્મનાં દશ લક્ષણ.

**धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रहः ।**
**धीर्विद्या सत्यमक्रोधो दशकं धर्मलक्षणम् ॥**

**ધૃતિ:** (સર્વદા ધીરજ રાખવી), **ક્ષમા** (માન—અપમાન તથા સુખ દુઃખાદિ દ્વંદ્વોમાં પણ સહનશીલતા રાખવી તે), **દમ** (મનોનિગ્રહ) **અસ્તેય** (ચોરી નહિ કરવી તે), **શૌચ** (યોગાભ્યાસથી અંદરના રાગ—દ્વેષાદિ મળોની તથા જળ—મૃત્તિકા વગેરેથી બહારના મળોની શુદ્ધિ કરવી તે), **ઇંદ્રિયનિગ્રહ** (અન્યાય—અધર્મમાં જતી ઇંદ્રિયોને રોકવી તે), **ધી** (માદક પદાર્થોને, દુષ્ટ મનુષ્યોના સમાગમને તથા આલસ્ય—પ્રમાદ વગેરેને ત્યજીને સચ્છાસ્ત્ર તથા સજ્જનોના સમાગમથી બુદ્ધિને વધારવી તે) **વિદ્યા,** (પૃથ્વી આદિ પંચભૂતોથી લઇ ઇશ્વર પર્યંતના સઘળા પદાર્થોનું યથાર્થ જ્ઞાન મેળવવું, તેમજ મન, વચન અને કર્મને વિષે સમાન વર્તન રાખવું તે) **સત્ય** (જે પદાર્થ જેવો હોય તેવો તેને સમજવો, અને જેવું મનમાં તેવું વચનમાં તથા જેવું વચનમાં તેવું જ કર્મમાં આચરવું તે), **અક્રોધ** (બીજાને હાનિ કરે એવો નિરર્થક ક્રોધ ન કરવો તે) **આ** દશ ધર્મના મુખ્ય **લક્ષણ છે.**

॥ ૐ ॥

# सरस्वतीकार्यमन्दिर.

અત્રે નીચે લખેલાં કામો, નિયમિત રીતે, સસ્તા દરે મુંબાઈનો હરિફાઈમાં ઉતરે તેવાં કરી આપવામાં આવે છે; જેવાંકે, ૧ કોઈ પણ વિષયના સંસ્કૃત ગ્રંથ કે સંસ્કૃત બીનાનું હિન્દી વા ગુજરાતીમાં ભાષાન્તર ૨ હિન્દી કે ગુજરાતી ગ્રંથો વગેરેનું સંસ્કૃત ભાષામાં પરિવર્તન. ૩ સંસ્કૃત, હિન્દી વા ગુજરાતી છપાતા ગ્રંથોનાં પ્રુફ તપાસવાં. ૪ જથાબંધ કે છુટક પુસ્તકો કમીશન સાથે એજન્સીથી મોકલવાં. પુસ્તકો તથા માસિકો વગેરે છપાવી આપવાં વગેરે પુસ્તક સંબંધી હરેક કામ.

તા. ક. બહાર ગામના ઓર્ડરોપર પુરતું ધ્યાન આપવામાં આવે છે. કાર્ડો, નોટપેપરો, કંકોત્રીઓ તથા જાહેર ખબરો વગેરે છપાવવા ઇચ્છિતા ગૃહસ્થોને એકવાર અમારી સંસ્થા સાથે કામ પાડી જોવા ભલામણ કરવામાં આવે છે.

શાસ્ત્રી નરહરિ મગનલાલ પંડિત.

વ્યવસ્થાપક "સરસ્વતી કાર્ય મંદિર."

ઠે. ઘી કાંટા, નાની હમામ.

મુ૦ અમદાવાદ.

